

સે-૩ સાંઈબાબા મંદિર ખાતે ભાવનાબેન પટેલ દ્વારા આનંદનાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને સાંઈ મંદિર સે-૩ વતી પુરો સહયોગ પ્રાપ્ત થયો હતો. ઘણી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ બહેનોએ ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

# એલ.સી.બી.એ ટાટા ચોકડી પાસેથી ૮ નંગ મોબાઈલ સાથે ૩ મોબાઈલ ચોર ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર એલ.સી.બી. પોલીસે, આજેસે. ૨૬ નજીક આવેલ ટાટા ચોકડી પાસેથી વાહન ચેકીંગ દરમિયાન ૮ નંગ ચોરીના મોબાઈલ સાથે ૩ શખ્સોની ધરપકડ કરી હતી અને તેમની વધુ પુછપરછ માટે સેક્ટર-૨૧ પોલીસને હવાલે કરવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ નજીક આવેલી ટાટા ચોકડી આવેલી છે. જ્યાં દરરોજ અસંખ્ય વાહનનોની અવરજવર રહે છે. આથી ભરચક વિસ્તાર અને માર્ગો પર આજે ગાંધીનગર એલ.સી.બી.ના પી.આઈ. આશુતોષ પરપમારની સૂચનાથી પી.આઈ. એસ.કે. સોલંકી, રાજેન્દ્રસિંહ જયવિરસિંહ, સંદિપસિંહ, વિપુલકુમાર વિગેરે પોલીસ કર્મીઓ દ્વારા સઘન વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આજ અરસામાં ૩ ઈસમો ઈસ્તીયાક અલી મહમંદ શેખ (રહે. રાજપુર ઈસ્લામ રીલીફ સોસા. તા. કડી મહેસાણા), આરીફ દાઉદભાઈ કુરેશી (રહે. રાજપુર ઈસ્લામ રીલીફ સોસાયટી તા. કડી, જિલ્લો મહેસાણા) મૂળ રહે રામપુરા ભંકોડા), અકબર મીયા મુસ્તાકમીયા કુરેશ (રહે. રાજપુર ઈસ્લામ રીલીફ સો. તા. કડી, જિ. મહેસાણા)ને એક એક્સેસ ઉપર ટાટા ચોકડી નજીકથી પસાર થઈ રહ્યા હતા જેમની ઉપર શંકા જતા પોલીસે તેમને ઉભા રાખી પૂછપરછ હાથ ધરી હતી. પરંતુ કોઈ યોગ્ય પુરાવા ના મળતા તેમની તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસને ૮ નંગ મોબાઈલ ફોન મળી આવતા તેના પણ પુરાવા આ ત્રણ ઈસમો રજૂ ન કરી શકતા પોલીસ તેમની કડક પુછપરછ કરતા આ ત્રણેય ઈસમોએ આ ચોરીના મોબાઈલ ફોન હોવાની કબુલાત કરી હતી. આથી એલ.સી.બી.ની ટીમે ત્રણેય ઈસમોને ૮ નંગ મોબાઈલ ફોન કિં. રૂ. ૧૯,૦૦૦ કબજે કર્યા હતા અને ત્રણેયની અટકાયત કરી હતી વધુ કાર્યવાહી માટે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં મોકલી આપ્યા હતા. જ્યાં સે. ૨૧ પોલીસે ત્રણેય ઈસમો સામે ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

## રાજપૂત મહિલા મંડળની પ્રથમ કોન્ફરન્સ

રાજપૂત મહિલા મંડળ ગાંધીનગર પ્રથમ મહિલા કોન્ફરન્સ-૨૦૧૪, તા. ૨૬ જાન્યુઆરી રવિવારના રોજ યોજવામાં આવશે. જેના સભ્યપદ મેળવવા રાજપૂત સમાજની બહેનોએ તા. ૧૫ ડિસેમ્બર સુધી ફોર્મ રાજપૂત મહિલા મંડળના કાર્યાલય ખાતે જમા કરાવવાના રહેશે. તેમજ વધુ માહિતી માટે મો. ૯૪૨૯૧ ૩૦૬૯૦, ૯૯૨૪૦ ૬૫૫૬૬ પર સંપર્ક કરવો.

## બંધારણના ઘડવૈયાને દલિત સેના પુષ્પાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા.૪

ભારતના બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબના નર્વાણદિન નિમિત્તે તા. ૬ ડિસેમ્બર શુક્રવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. જે જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલની આગેવાની હેઠળ યોજાશે તેમ શહેર પ્રમુખ જયંતિલાલ છત્રારિયાએ જણાવ્યું છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ચિલોડા સર્કલ પાસે વાહન ચેકીંગ તથા ટ્રાફિક નિયમન કરતા હોમગાર્ડઝ જવાના સજ્જ

ચિલોડા, તા. ૪

હોમગાર્ડઝ જવાન ખડેપગે... સેવાકાર્ય કરવામાં હરહંમેશ સજ્જ. ચિલોડા મુખ્ય જંકશન મથકે પોલીસકર્મીઓની હરોળમાં હોમગાર્ડ જ જવાનની સેવાકીય પ્રવૃત્તિમાં ફરજ બજાવી રહ્યા છે. રાત-દિવસ ધમધમતું ચિલોડા સર્કલ પાસેથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનો તથા મુસાફરોની અવરજવરથી માનવ મહેરામણની ભીડ સતત રહેતી હોય છે. હિંમતનગર-ગાંધીનગર, દહેગામ, સાદરા, નરોડા, અમદાવાદના મુખ્ય જાહેર માર્ગો પર વિપુલ વ્યાપારી સંકુલોને લીધે ટ્રાફિક નિયમન તથા વાહનચેકીંગના હેતુસર પોલીસ સમવડી હોમગાર્ડઝ જવાનની ટીમ સહયોગી બની રહી છે. હાલમાં ચિલોડા સબ યુનિટ હોમગાર્ડઝની ઓફિસ કાર્યરત છે. જેમાં કુલ ૧૧૫ જવાનોની નૌધણી થયેલ છે. જેમાં ચિલોડા આજુબાજુ ગામોના શિક્ષિત બેકારો અને ગરીબ પરિવારના યુવાનોમાં ચિલોડા, શિહોલી મોટી, મહુન્દ્રા, દશેલા, હાલીસા, ચૌધરી વાસણા, પાલજ, ધણપ ગામોના જરૂરિયાતમંદ ગૃહ રક્ષક દળમાં જોડાઈ પોતાની આર્થિક આજીવિકા મેળવી રહ્યા છે. આ જવાનો કુલ ૩૦માંથી ૧૮ રાત્રી અને ૧૨ દિવસે સર્કલ પાસેના જાહેર માર્ગો પર બબ્બેની ટીમમાં વાહનચેકીંગ અને ટ્રાફિક નિયંત્રણની કામગીરી બજાવતા કંઈક અંશે રાહતની લાગણી પ્રવર્તી રહી છે. આ જવાનોને ફરજના ભાગરૂપે ૨૦૦ રૂ. ભથ્થુ ચુકવાય છે. દર વર્ષે એક જોડ કપડાં તથા ત્રણ વર્ષે બુટનો લાભ મળે છે. આમ કુદરતી તથા માનવ સર્જિત આફતો, ચૂંટણીલક્ષી કામગીરી તથા રાત્રી પેટ્રોલીંગમાં સતત સજ્જ રહેતા જવાનોની સેવા કદરદાન ગણી શકાય છે. હાલમાં ગૃહ રક્ષક દળના સાર્જન્ટ પ્લાટુન તરીકે બી.એન. જાદવ કામગીરી સંભાળી રહ્યા છે.



## બિયારણની તીવ્ર અછતના પગલે અંતે રવી સિઝનમાં ઘરગથ્થુ બિયારણ વાપરવાની નોબત આવી

રવી સિઝનના પ્રારંભે હવે ખેડૂતોને સતાવતો એક માત્ર સુધારેલું બિયારણ મેળવવામાં ફાંફાં પડી રહ્યા છે. પણ પશુપાલનનો વ્યવસાય કરતો ખેડૂતને ના છૂટકે સુકાઘાસ ચારા માટે ઘઉંનું પરાળના હેતુસર ઘઉંનું વાવેતર કરવા મજબૂર બનવું પડે છે. આમ સીઝનમાં ઘઉંના પોષણક્ષમ ભાવ ન મળતાં ખેડૂતો ઘઉંના વાવેતર કરવામાં ઘણો ચિંતાજનક બાબત બની છે. પરંતુ એક બાજુ મોંઘુદાટ બિયારણ પાછળનો ખર્ચ વેઠવો ખેડૂતવર્ગમાં નિરાશા વ્યાપી છે. પરિણામે સુધારેલું બિયારણ ન મળતાં ખેડૂત ઘરવપરાશના ઘરઘથ્થુ ઘઉંનું બિયારણ પસંદ કરી વાવેતર કરવા સજ્જ બન્યો છે. ચિલોડા વિસ્તારમાં હવે ઘઉંના વાવેતર માટે ખેડૂત રાત્રે ગાળવણ કરી રહ્યો છે. ત્યાર બાદ ઘઉંની વરાપ થતાં ઘરગથ્થુ બિયારણમાં દવાનો પટ આપી બિયારણ વાપરવાની ફરજ પડી રહી છે. કેવી બિયારણની રામાયણ ઘરવપરાશના ઘઉંનું બિયારણ તરીકે ઉપયોગ કરવાની નોબત આવી છે. (નટુભાઈ પટેલ, ચિલોડા)

## કોલવડા ગામે જમીન મામલે વિધવા મહિલા પર જેઠ અને ભત્રીજાઓનો અત્યાચાર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક કોલવડા ગામે રહેતા વિધવા મહિલાના પતીની સહીયારી જમીનના મામલે તેના જ સગા સંબંધીઓ જમીન પચાવી પાડવા માટે કાવતરૂ રચી માનસિક તેમજ શારીરિક ત્રાસ આપી રહ્યા છે. મહિલાએ આ મામલે થોડા સમય અગાઉ પેથાપુર પોલીસમથકમાં ફરિયાદ આપી હતી તેમ છતાં પોલીસે આ સંદર્ભે કોઈ પગલાં ન ભરતા પોલીસ પણ શંકાના દાયરામાં આવી ગઈ છે. જેથી ફરિયાદી મહિલાએ રોષ વ્યક્ત કર્યો છે.

ફરિયાદી તરફથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે મણીબેન શંકરજી વાઘેલા રહે છે. જેઓ વિધવા છે. અને છુટક મજૂરી કરી પોતાનુંજીવન નિર્વાહન કરે છે. અને તેમના પતિના ભાઈઓ બળદેવ બાદરજી વાઘેલા તથા ભત્રીજા લાલસિંહ બળદેવજી વાઘેલા, કરણસિંહ બળદેવજી વાઘેલા, દિલીપસિંહ રતનસિંહ વાઘેલા અને બીપીનસિંહ રતનસિંહ વાઘેલાની સહીયારી જમીનમાં વારસદાર છે જે જમીનને પચાવી પાડવા હેતુસર તેમના સગા સંબંધીઓ શારીરિક અને માનસિક ત્રાસ આપી રહ્યા છે. અને કોર્ટ કચેરીમાં કરવામાં આવેલ દાવા પરત ખેંચી લેવા માટે દબાણ કરી જીવતા સરળગાવી દેવા ધમકીઓ આપી રહ્યા છે. આથી કંટાળી વિધવા મહિલાએ પેથાપુર પોલીસમથક ડી.એસ.પી. ઓફિસ સહિત મુખ્યમંત્રીને પણ ઓનલાઈન ફરિયાદ કરી છે. તેમ છતાં પોલીસ આ મામલે કઈ પણ ન કરતા પોલીસ હાલના તબક્કે ખુદ શંકાના દાયરામાં આવી ગઈ છે. પોલીસે આ મામલે કોઈ કાર્યવાહી ન કરવા અને આરોપીઓ સામે પગલા ન ભરતા મહિલાએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને જેઠ અને ભત્રીજાઓના ભાસથી ન્યાય મેળવવા માંગ કરી છે.

## ઉપવાસી છાવણી ખાતેથી વણકર સમાજ રેલી સ્વરૂપે પ્રેરણાભૂમિ પહોંચી બાબા સાહેબને ફુલહાર કરશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર વણકર સમાજ ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરને નિર્વાણ દિન નિમિત્તે તા. ૬ ડિસેમ્બર શુક્રવારે સવારે ૯-૦૦ કલાકે પુષ્પાંજલિ અર્પણ કરશે.

સમસ્ત વણકર સમાજ ઉપવાસી છાવણી ખાતેથી રેલી સ્વરૂપે નિકળી ઘ-૪ થી ચ-૪ પ્રેરણાભૂમિ ખાતે પહોંચશે. બાબા સાહેબની પ્રતિમાનો ફુલહાર કરી વણકર સમાજ બાબા સાહેબનું ઋણ અદા કરશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વણકર સમાજના જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા કિશોરભાઈ પરમારે જણાવ્યું છે.

# ૬ઠ્ઠી ડિસેમ્બર : હોમગાર્ડ સ્થાપના દિન નિમિત્તે જવાનો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા









ગુજરાત રાજય હોમગાર્ડ દિવસની સ્થાપના નિમિત્તે ગાંધીનગર શહેર યુનિટ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા. તા. ૬ઠ્ઠી ડિસેમ્બર હોમગાર્ડ સ્થાપના દિન હોવાથી રાજય હોમગાર્ડ દળના વડા આઈ.પી.એસ. પ્રમોદકુમારના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તા. ૩જીના રોજ હોમગાર્ડ દ્વારા અલગ અલગ રમતો યોજવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આજરોજ સિવિલ હોસ્પિટલ ખાતે હોમગાર્ડના જવાનોએ સફાઈ કરી હતી. ત્યાર બાદ દર્દીઓને બિસ્કીટ વિતરણ કરવામાં આવ્યા હતા અને જવાનોએ બ્લડ ટેસ્ટ કરાવ્યા હતા તેમજ તા. ૫મીના રોજ હોમગાર્ડનો જવાનો શહેરમાં આવેલા વૃધ્ધાશ્રમોમાં, ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે બિસ્કીટ વિતરણ કરશે. હંમેશા પોલીસની સાથે પોતાની ફરજ બજાવતા હોમગાર્ડ જવાનો દ્વારા સ્થાપના દિવસે સેવાભાવી કાર્ય કરતા હર્ષની લાગણી અનુભવી રહ્યા હતા. જવાનો દ્વારા તા. ૬ ઠ્ઠી ડિસેમ્બર સ્થાપના દિવસે રૂટ માર્ચ કરવામાં આવશે. સેવાભાવી પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ સિવિલ સર્જન બી.બી. પટેલ, ઈન્સ્ટ્રકટર, બી.એલ. દેસાઈ, હોમગાર્ડ કમાન્ડન્ટ પ્રદિપસિંહ સોઢા, એમ.એસ. પરમાર, કે.જી. બારોટ, જી.એમ. પટેલ, એ.જી. સોલંકીએ જવાનોના કાર્યને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :

ગોરી તેરે પ્યાર મેં : ૯.૩૫, ૬.૨૫
કોઈ ને કહેશો નહીં (ગુજરાતી) : ૧૨.૩૫
સીંઘ સાબ ધ ગ્રેટ : ૩.૨૫
રામલીલા : ૯.૨૫

: સ્કીન-૨ :

બુલેટ રાજા : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્કીન-૩ :

બુલેટ રાજા : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્કીન-૪ :

રામલીલા : ૯.૧૦, ૧૨.૨૫, ૩.૩૦, ૬.૫૫, ૧૦.૧૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :

બુલેટ રાજા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

બુલેટ રાજા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
આત્મા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે.

**વૃષભ** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક કંહીની આશંકા છે. ભાઈબંધ પ્રત્યે સહયોગની ભાવના વધશે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાની તક મળશે.

**મિથુન** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**કર્ક** : જનકલ્યાણની ભાવનાને કારણે પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : અથાગ પ્રયત્નો ઓછો લાભ મળવાની શકયતા છે. નવા કાર્યો વિચાર, યોજનાઓ મોકૂફ રાખવી હીતકારી સાબિત થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે.

**કન્યા** : ઋણથી મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. આર્થિક લાભની તક આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**તુલા** : મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે.

**વૃશ્ચિક** : મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થશે. લાભ મળવાની પણ શકયતાઓ રહેલી છે. સામાજિક પ્રશંસાથી હર્ષ થશે. નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે. સંતાનથી શુભ અને પ્રગતિવર્ધક સમાચાર મળશે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે.

**મકર** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : માનસિક શાંતિ જાળવી રાખવી. સ્વભાવની સાદગીનો લાભ આપના સુખમાં વૃદ્ધિકારક થશે. વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ઘરમાં મહેમાન આવશે.

**મીન** : વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન બાબુજી ઠાકોર (ઉ.વ. ૩૦) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શ્રવણસીંઘ બલવીન્દરસીંઘ સંધૂ(ઉ.વ. ૨૭) મુ.પો. ઉવારસદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જવાજી કોલાજી વાજકોટીયા (ઉ.વ. ૪૫) ઘ-૬ના છાપરાં, સેક્ટર-૨૮, ગાંધીનગર.